# મારે શત્રુંજયની જાત્રાએ જાવું છે

મારે શત્રું ...જય જાત્રાએ જાવું છે,

કે મારે ... પ્રભુજીનાં રંગમાં રંગાવું છે

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (૨)

મારે શત્રું ...જય જાત્રાએ જાવું છે,

મારે ... પ્રભુજીનાં રંગમાં રંગાવું છે

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (૨)

તારે મંદિરિયે ... દેવતાઓ આવે (૨)

દેવતાઓ આવે તારી ધૂન મચાવે (૨)

મારે શત્રુંજયની જાત્રાએ જાવું છે (૨)

મારે આદિનાથનાં દર્શન કરવાં છે (૨)

જય જય શ્રી આદિનાથ, જય જય શ્રી આદિનાથ (૨)

અણું અણુંમાં આદિનાથ, પરમાણુંમાં આદિનાથ (૨)

રજ રજમાં પ્રભુ આદિનાથ, અંતરમનમાં આદિનાથ (૨)

પ્રભુ તારું ગીતડું મારે ગા ..વું,

પ્રભુ તારું ગીતડું મારે ગા ... ... વું (૨)

તારે મંદિરિયે ... દેવતાઓ આવે (૨)

દેવતાઓ આવે તારી ધૂન મચાવે (૨)

મારે પ્રભુજીની ભક્તિમાં ભીંજાવું છે (૨)

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (૨)

તારે મંદિરીયે નોબત વાગે (૨)

નોબત વાગે સૌનો આતમ જાગે (૨)

મારે પ્રભુ તારું ગીતડું ગાવું છે, અને પ્રભુ તારા જેવા મારે થાવું છે

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (૨)

પ્રભુનાં રંગમાં રંગાઓ, પ્રભુનાં રંગમાં રંગા ...ઓ

પ્રભુનાં રંગમાં રંગાઓ, પ્રભુનાં રંગમાં રંગાઓ

કે આવી ભક્તિની રાત, તું તો જગતનો નાથ (૨)

પ્રભુનાં રંગમાં રંગાઓ, પ્રભુનાં રંગમાં રંગાઓ

ભક્તો પોકારે પ્રભુ આજે

આવીને દુઃખડાં ઊગારજો (૩)

કે આવી ભક્તિની રાત, તું તો જગતનો નાથ (૨)

પ્રભુનાં રંગમાં રંગાઓ, પ્રભુનાં રંગમાં રંગાઓ (૨)

કુમકુમનાં પગલાં પડાવી

મારે આંગણિયે પધારજો (૩)

કુમકુમના પગલાં પડાવી

મારે આંગણિયે પધારજો (૩)

(ચગાવવું)

કે આવી ભક્તિની રાત, તું તો જગતનો નાથ (૨)

પ્રભુનાં રંગમાં રંગાઓ, પ્રભુનાં રંગમાં રંગાઓ

મારે શત્રુંજય જાત્રાએ જાવું છે

મારે પ્રભુજીનાં રંગમાં રંગાવું છે

મારે આદિનાથનાં દર્શન કરવાં છે

મારે પ્રભુજીની ભક્તિમાં ભીંજાવું છે

મારે પ્રભુ તારું ગીતડું ગાવું છે

અને પ્રભુ તારા જેવા મારે થાવું છે

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (૨)

હાલો જઈએ હાલો જઈએ (૨)

હાલો જઈએ શત્રુંજયનાં ધામમાં (3)

2016-03-02 - https://www.youtube.com/watch?v=B9QclYCDDX0